# નિવેદન

વાર્તાની નિરંતર ચાલતી આ યાત્રા રસપ્રદ છે. ૧૯૭૪થી શરૂ થયેલી આ યાત્રા ૨૦૨૪માં ૫૦ વર્ષ પૂરાં કરે છે એ મારા માટે આનંદદાયી ઘટના છે. પ્રથમ વાર્તા ‘કનૈયો’ ‘આરામ’ સામયિકમાં છપાઈ એ વાતને અડધી સદી વીતી ગઈ છે. જિવાતા જીવનમાં બનતી વિવિધ ઘટનાઓ મનની સપાટી પર અથડાય છે ત્યારે કેટલીક ઘટનાઓ છાપ અંકિત કરે. એ વખતે સંવેદનનું કેન્દ્રબિંદુ રચાતું જાય. કેન્દ્રમાંથી ધીમે ધીમે સર્જાતાં વિચારવર્તુળો શબ્દોની ભોંયને સ્પર્શે. તેમાંથી વિવિધ આકારો રચાય. એમાંથી કેટલાકનું દૃશ્યોમાં રૂપાંતર થતું જાય. આકારો વેરવિખેર પણ થાય. દૃશ્યો તૂટી જાય એમ પણ બને. કોઈ વળી સ્થિર થઈ મનોભૂમિમાં મૂળ નાખે. એમાં અસ્તિત્વ સંયોજાતું જાય. ગમા-અણગમા, સાચી-ખોટી સમજો, વાસનાઓ, કૂંઠાઓ, સંવેદનાઓ અંતઃસ્તલ પર પ્રતિબિંબો પાડે. આ ખેલ ચાલ્યા કરે. મનોભૂમિમાં અંકુરિત છોડ વિસ્તરે ત્યારે આંગળાંઓ સળવળ થાય અને શબ્દો જાળમાં સપડાય. એમાંથી વાર્તા રચાય. એમાંથી જીવનનો કશો અર્થ પમાય. સમય સ્વ સાથે ગોષ્ઠિ કરે. એ સમય કેન્દ્ર સાથે જોડાવાનો, સ્વ સાથે રહેવાનો હોય છે. એમાંથી જેવું, જેટલું વ્યક્ત થાય એટલું થવા દેવું. આમ સંવેદન શબ્દો બને, કૃતિમાં ઢળે એ ઉપક્રમ સહજ હોવા છતાં ક્યારેક પીડાદાયી હોઈ શકે. નિજ સાથે રહેવાની મજા છે. એ તક વાર્તા પૂરી પાડે છે. વાર્તાસર્જન નિમિત્તે સ્વ સાથે જોડાવું એ ઘટના ધ્યાનથી ઓછી નથી. વાર્તા જીવનનો મહિમા કરે છે.

સર્જન સર્જકતા વીંધીને પ્રગટ થાય ત્યારે અંદરના રાગદ્વેષનાં પડળોને છેદે છે. પડળો છોલે છે. અંકુર એ પછી ફૂટે છે. આનંદની અનુભૂતિની પાછળ ઘેરો વિષાદ પડ્યો હોય એમ બને. ઘટ્ટ અંધકારને એક તેજકિરણ છેદે એવું બને.

એ પછી કૃતિમાં કૃત્રિમતા પ્રવેશે છે. તેને માળખું પ્રદાન કરવાની વિધિમાં એ અનિવાર્યતા સ્વીકારવી પડે છે. એ કૃત્રિમતાનો મહિમા થતો જોવા મળે. વાચક-ભાવક-વિવેચક તેને પ્રમાણે છે. રસકેન્દ્રોને પામે છે. પોતાનો સંતોષ પ્રગટ કરે છે. એ વાર્તાનું વિત્ત બને છે. લેખકના ગમાઅણગમા પાત્રોને, સંવાદોને,ઘટનાઓને અને અંતે વાર્તાને હાનિ પહોંચાડે એવું બને. એમાં મતમતાંતરો હોય એ સ્વાભાવિક છે. વાર્તા વિશ્વ સાથે, મનુષ્ય સાથે, તેનાં સુખદુઃખ સાથે જોડે છે. એમાં કાલ્પનિકતાને અવકાશ છે. એમ વિવિધ વાદો તેને નવી દિશા આપે છે.

વાસ્તવ અને કલ્પનાનું મિશ્રણ વાર્તા રચનાનું હાર્દ છે. એમાં તાટસ્થ્ય જાળવવું અઘરું લાગે. છતાં એ અનિવાર્ય શરત છે. બિનઅંગતતા વગર વાર્તા રચી શકાય, પણ તેથી વાર્તાને હાનિ થાય. વાર્તા એટલે આદિ, મધ્ય અને અંતવાળી કથા. વાર્તા કહી શકાય અને લખી શકાય. સમગ્ર ઉપક્રમ રસપ્રદ હોવો ઘટે.

મને વાર્તામાં વિવિધતા ગમે છે. વાર્તામાં પ્રયોગો કરવાની તક જતી કરતો નથી. અહીં રજૂ થયેલી વાર્તાઓમાં આવા કેટલાક વિશેષો જોવા મળશે. વાચકો એ નક્કી કરશે. સામે છેડે રહેલો ભાવક વાર્તા નદીને કાંઠે બેઠો છે. એની તરસ સંતોષાય એવી ખેવના દરેક વાર્તાકાર રાખે એને સ્વાભાવિક ઘટના ગણવી જોઈએ. લેખકે અનુભવેલા સર્જકીય ઉન્મેષો સક્રાંત થાય એવી ખેવના વાર્તાકારને હોય છે. વહેલુંમોડું એમ થાય છે. વર્ષો પહેલાં વાર્તા ‘મહાકાળી’ ‘ગદ્યપર્વ’માં મોકલી હતી. એ વાર્તા વાંચી સંપાદક ભરત નાયક ખુશ થયા અને બે પાનાંનો પત્ર લખ્યો હતો. એમનો પ્રોત્સાહક પત્ર પ્રેરણાદાયી હતો. ત્યાર બાદ ઘણી વાર્તાઓ ‘ગદ્યપર્વ’માં છપાઈ. બંને પતિ-પત્નીને એમના ઘેર મળવાનું થયું. એમની નિખાલસતા અને સ્નેહ ભૂલવા માગું તો પણ ભૂલી શકું એમ નથી. જ્યારે તેઓ અમદાવાદ આવે ત્યારે તેલાવમાં વાર્તાકાર રાજેન્દ્ર પટેલ સાથે એમને મળવાનું થતું. મોડી રાત સુધી ગોષ્ઠિ થતી. એક વાર પાક્ષિકીમાં આવેલાં અને ચર્ચામાં ભાગ લીધેલો. બંને સર્જક દંપતીનો માયાળુ સ્વભાવ અને સાહિત્યપ્રીતિ અનન્ય હતાં. આજે ગીતાબહેન નથી. ભરત નાયક સાથે વિતાવેલી એ સુમધુર પળોને યાદ કરું છું. આજે એવા સંપાદકો આંગળીના વેઢે ગણાય એટલા છે. મારી વાર્તાસૂઝ વધારવામાં એમનો ફાળો મારા માટે ઉપયોગી બન્યો છે. એમાં પ્રત્યે ઋણસ્વીકારની ભાવના વ્યક્ત કરું છું.

આ વાર્તાઓ વિવિધ સામયિકોમાં છપાઈ છે. તે સર્વ સંપાદકોની શુભ લાગણીઓ માટે તેમનો આભારી છું. પ્રકાશકશ્રીનો વિશેષ આભાર માનું છું. તેમની સહૃદયતાએ પુસ્તક પ્રગટ કરવામાં સહાય કરી છે. અંતે વાચકો અને અમદાવાદ વાર્તાવર્તુળના વાર્તાકારમિત્રોની શુભેચ્છાઓ માટે આભાર વ્યક્ત કરું છું.

આભારસહ.

**– દીવાન ઠાકોર**

*તા: ૨૯/૦૪/૨૦૨૫, વૈશાખ સુદ બીજ*

*મો - ૯૯૧૩૩૯૭૬૨૪.*

# વીંછિયા

ચાર જણા ઠાઠડી સાથે સ્મશાનમાં પ્રવેશ્યા. રઘુ લાલ ગુલાબનાં ફૂલોની ચાદરમાં લપેટાયેલા મડદાને જોઈ રહ્યો. પાછળ મોટું ટોળું આવતું જોઈ રઘુ કામે લાગ્યો. લાકડાં ભેગાં કરવા માંડ્યો. નાની લારીમાં લાકડાં લાવી, ચિતા પાસે નાખવા માંડ્યો. લાકડાંની ચિતા તૈયાર કરવાની હતી. કામ ઘણું હતું. બે જણ આવીને મદદ કરવા માંડ્યા.

'તમે ખસી જાવ હું ગોઠવી દઉં સુ.'

એ ઝડપથી લાકડાં ગોઠવવા માંડ્યો. લાકડાં ગોઠવ્યા પછી એ થાક ખાવા કેડે હાથ દઈ ઊભો રહ્યો. મનમાં હડિયાપટી કરતા પ્રશ્નોને શાંત કરવા એણે બીડી સળગાવી ઊંડો કશ લઈ ધુમાડો કાઢ્યો. પ્રશ્નો ધુમાડામાં ઓગળી ગયા. એક પ્રશ્ન પાણી વગર તરફડતી માછલીની જેમ તરફડતો હતો.

'બઈનઅ શું થયું હશે?'

એણે શબને ચિતા પર ગોઠવવામાં મદદ કરી. તે બેચેની અનુભવતો હતો. દર વખતની જેમ તેનું મન સ્ત્રીનો ચહેરો જોવા તરસતું હતું. ગવરી તો નહીં હોય? તે ધીમેથી ખસતો માથા નજીક આવીને નીચો નમ્યો. તે જોઈ રહ્યો. તેણે ચહેરો ધ્યાનથી જોયો. એ જ પાતળું નાક, સુરેખ હોઠ અને પહોળું કપાળ. તેનું હૃદય ધબકારો ચૂકી ગયું. એણે આંખો ઝીણી કરી. ચિબુક પરનું છૂંદણું નજરે ન પડ્યું. અદબ વાળીને ઊભો રહ્યો. ના ગવરી નથી. ગવરી તો ગોરી હતી. જીવને ટાઢક થઈ. તે ખસી ગયો. વંટોળ આવ્યો અને જતો રહ્યો.

ચિતા ભડ ભડ બળતી હતી. તૂટેલા ઓટલા પર બેઠેલા રઘુએ સળગતી ચિતા પર ઊડતી નજર નાખી. 'આ બઈનઅ મા-બાપ, ધણી, છોકરાં-છૈયાં તો હશે જ. એ સૌ જિંદગી ચ્યમ કરીને કાઢશે?'

મડદું આવે એટલે યંત્રવત્ કામ થતું હતું. એ લાકડાં ભેગાં કરવા માંડતો. નાની લારીમાં લાકડાં લાવી ચિતા પાસે નાખતો. ચિતા તૈયાર કરતો. અગ્નિદાહ વખતે નજીકનાં સગાં રોતાં. કોઈ ઉદાસ થઈ જતું. કોઈ કોઈ શોકમાં ગમગીન થઈ જતાં. દૂરનાં સગાં દૂર જઈ વાતોએ વળગતાં. રઘુ બધું નિર્લેપ ભાવે જોતો. તે તેનું કામ કર્યા કરતો. કોઈને રોતાં જોઈ ક્યારેય તે રડ્યો ન હતો. એણે ઘણાં શબોને બળતાં જોયાં હતાં. મન પર તેની કોઈ અસર થતી ન હતી. કોઈ ખૂબ મોટેથી રડતું ત્યારે તે એક નજર રોનાર પર નાખી લેતો. તેને કશું સમજાતું નહીં. રડવાથી શું વળે? ખાલી આંખો બળે.

ગવરી ગઈ એ પછી રઘુનાં દિવસરાત બહુ લાંબાં થઈ ગયેલાં. તેણે ગામ છોડી દીધું. છેલ્લા એક વરસથી શહેરમાં આવીને રહ્યો હતો. રોજીરોટી માટે આ કામ મળ્યું હતું. અત્યારે ઢળતી ઉંમરે એ બધું યાદ કરીને દુઃખી થતો હતો. તેને દુઃખી થવું ગમતું હતું. દુઃખને યાદ કરવાથી દિલમાં ટાઢક વળતી હતી. ગવરી સાથે વિતાવેલા દિવસો તેની વાટખરચી હતી. તે એ દિવસો જણસની જેમ સાચવીને જીવતો હતો.

'અલી ગવરી તું તો જબરી.'

'તે જબરાં ન રઈએ તો જિવાય ચ્યમ કરી?'

'શાકમાં ચેટલું બધું મેઠું નાખ્યું સઅ તીએ?'

'એ તો કોક દી વધારે પડી જાય. ઈમાં આટલો રઘવા ચ્યમ કરો સો?'

'આટલું બધું ખારું?'

'મનઅ તો ખારું શાક ભાવઅ. મેંઠા વગરનું તો જરાય ના ભાવઅ. મોળું હોય તો ઉપરથી મેઠું ભભરાવું.'

ગવરીની નજર રઘુના ચહેરા પર અટકતી. તેની આંખોમાંથી હાસ્ય ઠલવાતું. તે બોલી, 'હવ શાકમોં ઓછું મેઠું નાખું તો બૂમો ના પાડતા.'

'ના, બૂમો નઈ, હું તો રાડો પાડે.'

'હવ ખઈ લ્યો છાનામોના.'

'લે જેવું સે એવું તો કીધું. તનઅ ખોટું લાગી જ્યું?'

'હવ શાકમોં બીજી વાર તમે મેઠું નાખજો.'

'હા એ વાત હાચી. તું કોમે જજે ને હું રોટલા ઘડે.'

'અન મેઠું વધારે પડસે તો?'

'એવું તો નઈ થાય. હું શાક ચાખી લીયે.'

'મનઅ તમારું એઠું ખવડાવસો?'

'ઈમાં ચોંથી એઠું થઈ જયું?' ગવરીના ગુલાબી હોઠને જોતો એ હોઠ પર જીભ ફેરવતો.

'ખઈ લો છાનામોના.'

બધી વાતો એકસામટી હૈયે ભરાઈ આવી હતી. કેટલીક તો આંસુ સાથે બહાર નીકળી ગઈ. હજુ ઘણી મનના અંધારે ખૂણે પડી છે.

'ભાઈ, થોડાં લાકડાં નાખવાં પડશે.'

'હા, હમણાં નાખી દઉં.' એણે બીડી ફેંકી દીધી. લાકડાંના ઢગલા પાસે જઈ, બે-ત્રણ જાડાં લાકડાં લઈ સળગતી ચિતામાં નાખ્યાં. થોડી નાની ડાળીઓ નાખી. ચિતા સામું ઊભો રહી આગના ભડકાને જોઈ રહ્યો. તેણે આવા અનેક ભડકા જોયા હતા. એમ થતું કે એની અંદર એક ભડકો ચોવીસે કલ્લાક ચાલુ છે. રાત દી સળગ્યા કરે છે, એ ઓલવાતોય નથી ને ઓછોય થતો નથી. તેણે બીજી બીડી કાઢી સળગાવી. સ્વજનો અંતિમ વિધિમાં લાગ્યાં. બધાના ચહેરા પર દુઃખની ઓકળીઓ પડી હતી. એ ફરી ઓટલે જઈને બેઠો. ચિતા ટાઢી પડતી જતી હતી. હવે તેનું કોઈ કામ ન હતું. ડાઘુઓએ ટાઢી વાળી, હાથ-મોં ધોવા રવાના થયા. દાન માટે પાથરેલા કપડામાંથી તેના જીવતર જેવી બેચાર ફાટેલી નોટો અને થોડું પરચૂરણ મળ્યું.

ડાઘુઓ રવાના થયા એટલે તે ઝૂંપડામાં ગયો. કકડીને ભૂખ લાગી હતી. સવારે શાક-રોટલો રાંધીને મૂક્યાં હતાં. શાકમાં મીઠું ઓછું હતું. ખારાં આંસુ રેલાયાં. રોટલાનો ટુકડો લઈ બહાર આવી, કાળિયા કૂતરાને નાખ્યો. કૂતરાએ પૂંછડી હલાવી વહાલ વરસાવ્યું. એણે જવાબ ન આપ્યો. એણે આંગણામાં ઢાળેલા ખાટલામાં લંબાવ્યું.

મેળો જામ્યો હતો. ચા-નાસ્તાની, રમકડાંની, ઘરવખરીની, કપડાંની, સ્ત્રીઓની ગમતી વસ્તુઓની હાટડીઓ લાગી હતી. ઊંચા ચગડોળ પાસે ટોળું ઊભું હતું. રઘુ ગવરીને ચગડોળમાં બેસવા લઈ ગયો. બંને ટિકિટ કઢાવી ચગડોળમાં બેઠાં.

ગવરીના ચહેરા સામું રઘુ જોઈ રહ્યો. અણીદાર આંખો, પાતળું નાક, સુરેખ હોઠ, ગોરા ગાલ, પહોળું કપાળ, ઊંચી શેરડીના સાંઠા જેવી પાતળી કાયા ધરાવતી ગવરીનો હરખ માતો ન હતો. એક હડદોલો આવ્યો. બેઠેલાં સૌએ ચિચિયારીઓ પાડી. ચગડોળ ઊડવા માંડ્યો. ઊંચે અને ઊંચે જતા ચગડોળમાં બેઠેલી ગવરીને ડર લાગ્યો. એ રઘુને ચોંટી પડી. તેનું શરીર ગરમ લાહ્ય જેવું હતું. તેના ગરમ શ્વાસ રઘુના ગાલને દઝાડતા હતા. રઘુએ તેની કેડમાં હાથ નાખી કમર કસીને પકડી રાખી.

'આટલામાં બી જઈ? ઈમાં શું બીવાનું?'

'મને તો પેટમાં કોંક થાય સઅ.'

'મનેય થાય સઅ. તું મનઅ પકડી રાખ.'

ગવરી વધુ નજીક ખસી.

'મને તો ફેર ચડસઅ.'

'તું તારી આંખ્યો બંધ કરી દે.' ગવરીએ આંખો મીંચી દીધી. ઊંચી-નીચી થતી ગવરીની છાતીને રઘુ તાકી રહ્યો. નીચેથી ઉપર અને ઉપરથી નીચે જતા ચગડોળમાં બેઠેલાં સૌ ચીસાચીસ કરી મજા લૂંટતાં હતાં.

'હમણાં તૈણ ઓંટા પતી જસે. કશું નઈ થાય. બીવાતી નઈ. આવી મજા કોંય રોજ રોજ ના મળઅ.'

છેવટે ચગડોળ ઊભો રહ્યો ત્યારે ગવરીએ આંખો ખોલી. રઘુ ખુશ હતો. તેણે ગવરીનો હાથ બરાબર પકડ્યો હતો.

'હેંડ તનઅ આઈસ્ક્રીમ ખવડાવું.'

એક મોટો કપ ગવરીના હાથમાં આપતાં એ બોલ્યો, 'લે. ટાઢી થા.' પછી પૂછ્યું,

'તનઅ બઉ બીક લાગી?'

'હોવ.'

રઘુ હસવા માંડ્યો.

'ઈમાં દોંત શીના કાઢો સો?'

'તારા કરતાં નાનાં છોકરાં હેમતવાળા. જરીકે બી'વાતાં નથી.'

મેળામાં ફરીને થાક્યાં. ઘેર જવા પાછાં વળ્યાં. બજારમાંથી પસાર થતાં સોનીની દુકાન પર ગવરીની નજર પડી. એ દુકાન આગળ ઊભી રહી ગઈ. રઘુએ તે જોયું. 'તારે કોંય લેવું સઅ?'

'હોવ. અસ્સલ રૂપાના વેછિયા લઈ આલો.'

બેય સોનીની દુકાનમાં પ્રવેશ્યાં. રઘુ બોલ્યો,

'શેઠ, અસલ રૂપાના વેછિયા દેખાડો.'

જાતભાતના વીંછિયામાંથી માછલીના આકારના વીંછિયા ગવરીએ પસંદ કર્યા. ગવરીને ગમતા સાવ સાચા રૂપાના વીંછિયા હાથમાં લઈ આમતેમ ફેરવી આંખો સામે ધરી રઘુ જોઈ રહ્યો. એની કારીગરી જોઈ એ ખુશ થતાં બોલ્યો, 'લે પહેરી લે. ચેવા દેખાય સઅ?

ગવરીએ પગની આંગળીઓમાં વીંછિયા પહેરીને પગ રઘુ સામે લાંબા કર્યા.

એ દૃશ્ય જેમનું તેમ ઉઘાડી આંખે આજેય દેખાય છે.

પેલો વંઠેલ ગામનો ઉતાર કન્ટ્રાટી ચંદુ તેને ભગાડી ના ગયો હોત તો અત્યારે ગવરી નજર સામે હોત. બે જણ સંસારના ઝૂલે ઝૂલતાં મજા કરતાં હોત. લોક વાતો કરતું હતું કે ચંદુ વશીકરણ વિદ્યા જાણતો હતો. એણે જ ભોળી ગવરીને ફસાવી હતી. ગવરી એની વાતોમાં આવીને ચાલતી થઈ. તેણે પાછળ ફરીને ન જોયું. દિવસ-રાત એક થઈ ગયાં. એ જાણે સામે ઊભી હોય એમ તેને કહેતો.

'ફટ રે ભૂંડી જાહ રે જા. તનઅ તારા ધણીની જરાય દયા ના આઈ? તનઅ ઓંય શું દુઃખ હતું? તનઅ હાથમાં નઅ હાથમાં રાખતો'તો. તનઅ કોઈ દાડો 'ખસ' કીધું નથી. કશી લાપટ-ઝાપટ કરી નથી. તું પોણી માગતી નઅ, હું દૂધ હાજર કરતો'તો.' પછી દૂર જોતાં બબડ્યો.

'તું રિહોણી હોય તો મનાવું. એક વાર તું મળી જાય તો ગમે ઈમ કરી ઘેર લઈ આવું. ભગવોન જોણઅ તું ચ્યો સઅ?'

ઘણાં દોડાં કર્યાં. ભૂવાઓની માનતાઓ માની. કંઈ ન થયું. મંદિરોનાં પગથિયાં ઘસ્યાં. તેનું મગજ ફાટફાટ થતું.

'મારા દિયોર ભગવોન તારું નખ્ખોદ જાય. તનઅ મારી જરાકે દયા ના આઈ? તુંએ જોણી જોઈને મનઅ દુઃખ આલ્યું. તનઅ મારા સુખની ઈરશા થઈ. મોણસનઅ દુઃખી કરવામાં તનઅ શું મજા આવસઅ? જા, આજથી તન કશું

કઉ તો બે બાપનો. તારોનઅ મારો સંબંધ પૂરો.' એ દિવસથી એણે મંદિરની દિશા ભૂંસી નાખી.

એણે ખાટલીમાં પડ્યા પડ્યા આંખો ચોળી. સૂરજ આથમણે નમ્યો હતો. આકાશ કોરુંકટ હતું. એ ઊઠ્યો. ઊભાં થઈ મોઢું ધોયું. સાંજ ઢળવા આવી હતી. ચિતામાંની ધુમાડાની સેર આકાશને પકડવા મથતી હતી. ખાટલીમાં બેઠો બેઠો બીડી ફૂંકવા માંડ્યો. તેને જાગેલો જોઈ, દૂર ઊભેલો કાળિયો નજીક આવીને ઊભો રહ્યો. કાળિયાને જાણે એના વિના સોરવતું ન'તું. રઘુ કદીક એની જોડે વાતોએ વળગતો,

'એલા કાળિયા તુંય એકલો ને હુંય એકલો. તનઅ તારી ગવરી સોડીનઅ જતી રઈ નઅ મનઅ મારી. તારે કોઈ આગળપાછળ નઈ ને મારેય નઈ. કોઈ ભાઈબંધ તારે નઈ ને મારેય નઈ. આપણ બેય સમદખિયા. આ જોનવરમાંય કુદરતે ચેવી માયા મેલી સઅ. મોણસનઅ મોણસની માયા હોય ઈમ જોનવરનઅ જોનવરની માયા સઅ.'

કૂતરો નીચું મોં કરીને બેસી રહે. રઘુનો લવારો સમજતો હોય એમ તાકી રહે. રઘુના પગ જોડે માથું ઘસે. રઘુ તેની સામે જોઈ બોલે,

'તારી ઘરવાળી તનઅ મૂકીનઅ ચોં જતી રઈ? તનઅ એકલો મૂકીનેઅ જઈ તે તનઅ ઈની યાદ આવ સઅ?' એ એલફેલ બોલ્યા કરતો. કૂતરો થાકીને બેસી જતો. તે તેના માથા પર હાથ ફેરવતો. એટલામાં કૂતરાએ કાન ઊંચા કર્યા અને ભસવા માંડ્યો.

'અલ્યા ગોંડો થયો સઅ કઅ શું? ઓંય કોંય નથી. ચોરનેય નેહાકો પડે એવું સઅ. નકામો શું કોમ રાડો નાખ સઅ? શોન્તીથી બેસ.'

તેની આંખમાં એક દૃશ્ય ઝિલાયું. ચાર જણ મડુ લઈને આવતા દેખાયા. એ અજાણ્યા ચહેરાઓને જોઈ રહ્યો. તેમને નજીક આવતા જોઈ તે ઊભો થઈ ગયો. ઠાઠડી પર લાલ સાડી જોતાં 'કોઈ બઈ મોણસ સઅ' તેવા શબ્દો મનની દીવાલ પર ચીતરાયા. પેલા ચાર જણા ઠાઠડી ખભેથી ઉતારી પરસેવો લૂછવા માંડ્યા. પાછળ આવતાં ત્રણ જણ નજીક આવીને ઊભા રહ્યા. એક આધેડ જણ તેની પાસે આવ્યો,

'અલ્યા રઘુ, લાકડાં લેતો આય. જરા ઝપાટો રાખજે.'

એ બચુકાકાને ઓળખતો હતો. બેય જણા ક્યારેક બીડીની આપ-લેય કરી લેતા. એ લાકડાંના ઢગલા પાસે ગયો. તેણે લારી ભરવા માંડી. લાકડાં ચિતા પાસે ઠાલવી, એ ચિતા ગોઠવવા લાગ્યો. ડાઘુઓએ ઠાઠડી પરની દોરીઓ છોડવા માંડી. વધારાનો સાડલો કાઢી લઈ એક બાજુ નાખ્યો. લાકડાં ગોઠવી દીધા પછી રઘુ બચુકાકા પાસે આવ્યો. 'કુણ સઅ? કોઈ સગું-વહાલું?'

'માણસ માત્ર આપણાં સગાં-વહાલાં કે'વાય. આ બઈનું કોઈ નથી. ઈનો ધણી ચેટલાય દા'ડાથી ઇનઅ મૂકીને ચોંક જતો રહ્યો સઅ. બઈ લોકોનો કોમ કરીને જીવતી'તી. બે દા'ડા તાવ આયો ન મરી ગઈ. ઈનું કોઈ નથી. આપણાંથી થોડું જોઈ રે'વાય? અમે બધાએ થોડા પૈસા ભેગા કર્યા. હમણાં બધું પતી જસઅ. એ ઈના મારગે નઅ અમે અમારા. તું થોડી મદદ કરજે. તનઅ થોડું પુણ્ય મળશે.'

'તમ જેવા દયાળુ મોણસ ચોં જોવા મળઅ?'

ચાર જણાએ શબને ઊંચકીને ચિતા પર મૂક્યું. મોં ગંગાજળથી ધોયું. ચહેરા પર ઘી લગાડ્યું. ચાંલ્લો કર્યો. સેંથીમાં સિંદૂર ભર્યું. નાકમાં ચૂની અને ગળામાં કાળા દોરામાં પરોવેલો પતરાનો ઓમ. રઘુ દૂર ઊભો ઊભો બીડી પી રહ્યો હતો. તે કશેક ખોવાયેલો હતો. આજ સવારથી ગવરી હૈયામાં ભરાઈ ગઈ હતી. ક્યાં હશે? એણે શબ તરફ નજર કરી.

'જેનું કોઈ નથી ઈનો...' એ ભગવાન બોલતાં અટકી ગયો. તેને ભગવાન સાથે વેર હતું. તે એનું નામ લેવા માગતો ન હતો.

બચુકાકા તેની નજીક આવ્યા. તેણે બીડી આપી. બચુકાકાએ બીડી સળગાવી.

'રઘુ, જરા જોઈ લે ને? કશું બાકી રહી જતું નથી ને?'

આ સાંભળી રોજ ચૂપચાપ આથમી જતો સૂરજદાદો મોળું હસ્યો.

તેણે બીડી ફેંકી દીધી. એણે ચિતા પર નજર નાખી. જરૂર હતી ત્યાં થોડાં વધુ લાકડાં ગોઠવ્યાં. તે ગોળ ફરીને પગ પાસે આવીને ઊભો રહ્યો.

'હવઅ બરાબર સઅ.'

તેની નજર લાકડાં નીચે દેખાતા પગની આંગળીઓ પર પડી. આંગળીઓ પર વીંછિયા પહેરેલા હતા. તે માથું નમાવીને ધારીને જોવા લાગ્યો. નજર માછલીઓ પર ચોંટી ગઈ. તે નીચો નમ્યો. રૂપાના ઘસાયેલા વીંછિયાને સ્પર્શ

કર્યો. રૂપાની માછલીઓ સજીવ થઈને કૂદી પડી. મનમાં બબડ્યો, 'એ જ છે.' રઘુને વાંકો ઊભેલો જોઈ બચુકાકા તેની પાસે આવીને ઊભા રહ્યા. તે સીધો થયો. તેના મનમાં વિચારોનો વંટોળિયો ફૂંકાયો. તે મોટું ડગલું ભરતો માથા પાસે આવ્યો. મોં પરનું લાકડું ખસેડી મોં જોયું. ચિબુક પરનું છૂંદણું તેને ઓળખી ગયું. તેની આંખો ફાટી ગઈ. ગળું ચિરાઈ ગયું. એ જ પાતળું નાક, સુરેખ હોઠ અને પહોળું કપાળ.

રઘુને ચારેય દિશાઓ ખળભળી ઊઠે તેવી પોક મૂકવાનું મન થયું, 'ગવરી, મારી ગવરી.' પરંતુ તેણે ચીસ ગળામાં જ અટકાવી રાખી.

બચુકાકા નજીક આવ્યા. ખભે હાથ મૂક્યો. પૂછ્યું, 'શું થયું?'

'કોંય નઈ. બધું બરાબર સઅ.'

એણે દોણીમાંથી સળગતું સાંઠીકડું લીધું. એ ખુશ હતો. એણે લઈ આપેલા વીંછિયા એની પાસે પાછા આવી ગયા હતા.

■